

શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદનું મુખપત્ર

# નિયાંપો

સાહિત્ય અને સભ્યતાનો સેતુ



# જૈનરતન શ્રી ધનજીભાઈ લખમશી સાવલા ની શ્રદ્ધાંજલિ સભાની ઝલક



# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૨૨    અંક : ૩૦૧**

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન: ૨૪૭૫૨૩૮૩
email : hydkmm@gmail.com

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

જયજીનેન્દ્ર,

આપ સર્વે મેમ્બર ભાઇ બહેનોને હેપ્પી ન્યુ ઇયર. સાલ ૨૦૨૧ સર્વ રીતે સુખ, શાંતિ, સમૃદ્ધિ દાયક રહે તેવી શુભકામના.

આપણા બધાનું ગયુ વર્ષ ઘણુજ સંઘર્ષમય રહ્યું વિદ્યાર્થી ભાઇ બહેનો પણ મુંઝવણમાં રહ્યા. અભ્યાસક્રમમાં પણ ઘટાડો થયો અને વર્ષ અસમંજસમાં પસાર થયું.

ફાયદો પણ થયો. નાના બાળકો પણ લેપટોપ તથા મોબાઇલનો ઉપયોગ કરીને ભણતા શીખી ગયા.

હજી કોરોનાનો ડર છેજ. તે છતાં હવે લોકો કોરોનાની સાથે જીવતા શીખી ગયા છે.

આપ સર્વે સ્વાસ્થયનો ખ્યાલ રાખશો તથા શિયાળાના મૌસમની મોજ માણશો. આપ સર્વેને મકરસંક્રાંતિ તથા ગણતંત્ર દિવસની શુભકામના...



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

## ''મકર સંક્રાંતિ અને ગણતંત્ર દિવસ ની શુભકામના..''

લોક ડાઉન પછી પ્રથમવાર નિયાપોનું પ્રીન્ટેડ એડીશન રજુ કરવામાં આવી રહેલ છે. કોરોના મહામારી પછી નો તબકકો અને જીવન શૈલી પુર્ણતઃ સાધારણ થવા આવી રહેલ છે.

અનલોક પ્રક્રિયા પૂરી રીતે હજી અમલીકરણ નથી થયેલ તેના થકી ભવન મધ્યે બુકીંગ સાધારણ રહેવા પામેલ છે, આ વર્ષ દરમ્યાન ભવન બુકીંગનું દર ઓછુ રહેવા થી આર્થીક રીતે મંડળને ઘણુ નુકસાન થઇ રહેલ છે. વર્ષ દરમ્યાન નુકસાનીનું ગ્રાફ નીચે લાવવા શક્ય એટલા કાર્ય કરવામાં આવી રહેલ છે.

મંડળના ટ્રસ્ટી અને પૂર્વ અધ્યક્ષ અને મેનેજીંગ ટ્રસ્ટી જૈનરત્ન શ્રી ધનજીભાઇ લખમશી સાવલાનાં અવસાન (દેહવીલય) થી સમગ્ર સમાજમાં દુઃખની લાગણી અનુભવવામાં આવેલ.

એમના જીવનકાળ દરમ્યાન હમેશા હૈદરાબાદ સમાજ અને સર્વ મેમ્બરો ની પ્રગતી થાય એવા કાર્યોથી પોતાનુ સમગ્ર જીવન હૈદરાબાદ સમાજ પ્રત્યે અર્પણ કરેલ, એમની દીર્ઘદ્રષ્ટી અને કાર્ય પદ્ધતી ફક્ત કચ્છી સમાજ નહી પણ ઇતર સમાજ માટે પણ લાભદાઇ રહેલ, એવા દાનવીર અને જૈનરત્નની ખોટ સમાજ માટે હમેશા વણ પુરાયેલી રહેશે.

શ્રી ધનજીભાઇ લખમશી સાવલાની શ્રદ્ધાંજલી સભા કચ્છી ભવન મધ્યે તા ૬-૧૨-૨૦ના દિવસે ફક્ત કારોબારી સભ્યો, ટ્રસ્ટ બોર્ડ સભ્યો અને વિવિધ સંસ્થાઓના અગ્રસર મહાનુભાવોની હાજરીમાં યોજવામાં આવેલ અને હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શ્રદ્ધાંજલી સભા સર્વ માટે ઓનલાઇન રાખવામાં આવેલ હતી.

ચાલુ વર્ષ દરમ્યાન વિતેલા નવ માસ દરમ્યાન માવજત ક્ષેત્રે અંદાજીત રૂ. ૮ લાખ જેટલી રકમ અને શિક્ષણ સહાય ક્ષેત્રે ૮.૫૦ લાખ જેટલી રકમ અને લોકડાઉન દરમ્યાન અનાજ સહાય પેટે રૂ. ૧.૭૫ લાખ જેટલી રકમ સહાય અર્થે ખર્ચ કરવામાં આવેલ છે.

ભવન બુકીંગનું દર નીચુ રહેવા છતા સહાય માટેની રકમમાં ક્યાંય પણ કટોતી કરવામાં આવેલ નથી.

સાથે રીપેરીંગ અને અન્ય જરૂરીયાત મુજબનું કાર્ય છેલ્લા નવ માસ દરમ્યાન અવારનવાર કરવામાં આવેલ હતા જેમાં મુખ્ય રેઇન વોટર હારવેસ્ટીંગનુ કાર્ય કરાવવામાં આવેલ છે.

ચાલુ વર્ષ દરમ્યાન મેમ્બર સભ્યોમાં અવસાન દર વધુ રહેવા પામેલ હતુ. દિવંગત સર્વ મેમ્બરો ને સમાજવતિ શ્રદ્ધાંજલી. સ્વાસ્થ્ય પ્રત્યે જાગરૂક રહી, નિયમોને ચુસ્ત રીતે પાળવાની ખાસ વિનંતી.

ભવન મધ્યે યોગ કલાસ ચાલુ થઇ ગયેલ છે, મેમ્બરોને આ વ્યવસ્થાનો લાભ લેવા અનુરોધ છે. શિક્ષણ ક્ષેત્ર અને માયનોરીટીની જાણકારી માટે બન્ને સમિતિ સંચાલકોની આપ સલાહ લઇ શકો છો.

## સંપાદકીય

શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા

જયજિનેન્દ્ર

વાચક મિત્રો આપ સર્વેને ૨૦૨૧ના નવા વર્ષની શુભેચ્છા. આશા રાખીએ ૨૦૨૧માં કોરોના વેક્સીન આવે અને આપણે બધા ફરીથી સ્વસ્થ અને શાંતિમય જીવન જીવી શકીયે.

ધીરે ધીરે બધુંજ પૂર્વવત થઇ રહ્યુ છે. કિસાન આંદોલન જોર પકડી રહ્યુ છે. સામાન્યજન રાજકીય તથા નાણાકીય અસ્થિરતા વચ્ચે પણ પોતાનુ જીવન શાંતિથી જીવી રહ્યા છે.

સગાઇ, લગ્ન જેવા માંગલીક પ્રસંગો પણ સરકારના આદેશ મુજબ મર્યાદિત લોકોની હાજરીમાં સંપન્ન થયા છે. આ એક આવકાર દાયક પગલુ ગણી શકાય.

લાંબા અંતરની ટ્રેનો ચાલુ થઇ ગઇ છે તેમજ બીજા વાહનવ્યવહાર પણ રાબેતામુજબ ચાલે છે. ફક્ત સ્કુલ, કોલેજ બાદ કરતા બધુજ પહેલા જેવુ ચાલે છે.

વરસાદ ઘણો થયો પરંતુ ઠંડી સાધારાણ રહી. શાકભાજી તથા વસાણાની મોજ માણશો. સ્વસ્થ રહેશો.

**Happy Makar Sankranti & Republic Day.**

### જીવનચક્ર

**પુત્રી જન્મ :**

દર્શના જીતેશ અમૃતલાલ ગાલા — ડુમરા — હૈદરાબાદ

**CHANGE OF ADDRESS /PHONE**

DAMJI DUNGERSHI SAVLA (BERAJA)
Ph : 04035576683

### જાહેર ખબર માટે ખાસ સુચના

નિયાપોમાં જે કોઈ ભાઈ બહેનો જાહેર ખબર આપતા હોય તેમને ખાસ વિનંતી કે જાહેર ખબરની મેટર કચ્છી ભવનની ઓફિસમાં જ જરૂરી રકમ ભરી, રસીદ મેળવી રજીસ્ટર કરાવવી. કોઈએ પણ ડાયરેક્ટ ચંદ્રપ્રભા ગ્રાફિક્સમાં આપવી નહીં.

નોંધ : જાહેર ખબરો, મેટરો ઈત્યાદી મેમ્બરો લેટ મોકલાવે છે. જેથી 'નિયાપો' ને છાપવામાં અને પ્રકાશિત કરવામાં લેટ થઈ જાય છે. સૌને ખાસ વિનંતી કે જે મેટર નિયાપોમાં છાપવાની હોય તે આગલા મહિનાની ૩૦ તારીખ પહેલા મોકલાવી આપે. ૩૦ તારીખ પછી જાહેર ખબર કે મેટર આવશે તો તે બીજા મહિનાના નિયાપોમાં આવશે જેની નોંધ લેશો.

– સંપાદક



વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવી) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ-નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડલી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮
ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો



## હૈદરાબાદ કચ્છી સમાજના અગણાંો વ્યવસાયાં તથા સમાજસેવી
## શ્રી ધનજીભાઇ લખમશી સાવલાનો
## ઝળહળતો જીવનદીપ તા. ૨૮-૧૧-૨૦૨૦ ના બુઝાયો

**વ્યવસાયની સાથે સાથે સામાજીક તથા સેવાકિય ક્ષેત્રે અપૂર્વ યોગદાન આપનારા શ્રી કચ્છી મિત્ર મંડળના પૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી એવા શ્રી ધનજીભાઈની ચિરવિદાયથી હૈદરાબાદ સહિત વિવિધ સ્થળોએ વસતી કચ્છી પ્રજામાં ઘેરા શોકની લાગણી...**

પ્રસન્નવદન, સ્વસ્થચિત્ત, ધીરગંભીર, બહુમુખી અને આદરણીય વ્યક્તિત્વ ધરાવનાર હૈદરાબાદના અગ્રણી વ્યવસાયી તથા સમાજસેવી શ્રી ધનજીભાઇ લખમશી સાવલાનો જન્મ મુંબઈમાં, કચ્છ-નવાવાસ દુર્ગાપુરના માતા રતનબેન તથા સંઘરત્ન લખમશીભાઇ ઘેલાભાઇ પુનશી સાવલાના બહોળા કુટુંબમાં થયો હતો.

મુંબઈમાં શૈક્ષણિક અભ્યાસ પછી તુરંત જ નાની વયમાં, તેમના જ પરિવારની નામાંકિત પેઢી મે. લાલજી પુનશી કું. (મુંબઈ)માં જોડાયા. ટૂંક સમયમાં પોતાની હિંમત, બાહોશી અને આગવી સૂઝ ભરેલી કાર્યપ્રણાલીથી વડીલોની પ્રશંસા અને ચાહના પ્રાપ્ત કર્યા.

ફળસ્વરૂપે યુવાન વયે જ, હૈદરાબાદની ઑઇલ મીલ તથા સંલગ્નિત વ્યાપારનો સ્વતંત્ર પદભાર સંભાળવા ધનજીભાઈ મુંબઈથી હૈદરાબાદ આવ્યા. ત્યારથી હંમેશ માટે હૈદરાબાદ તેમની કર્મભૂમિ અને રહેઠાણ બની રહ્યાં.

અહીં, પ્રારંભથી જ વડીલ મુરબ્બી શ્રી ભાણજીભાઈ ખેરાજ નીસરનું સચોટ અને પ્રોત્સાહક માર્ગદર્શન સાંપડતાં, ધનજીભાઈએ ઉત્તરોત્તર પ્રગતિ સાધી.

અનુક્રમે, લઘુ ઉદ્યોગ ક્ષેત્રમાં, દિવેલ તેલનાં અગ્રગણ્ય ઉત્પાદક અને આંધ્રપ્રદેશના પ્રથમ હરોળના નિકાસકાર જાહેર થયા અને ભારત સરકારના વિદેશ વાણિજ્ય મંત્રાલયે, મે. સંજીવકુમાર ધનજી ઑઇલ મીલને રજીસ્ટર્ડ એક્સપોર્ટ હાઉસથી પ્રમાણિત કર્યા.

દરમિયાન, વિશ્વવિખ્યાત યુનિલીવર કું. ની ભારતની સહયોગી હિન્દુસ્તાન લીવર લિમિટેડ કું. એ મે. સંજીવકુમાર ધનજી કું. ને તેમના તેલ, તેલીબિયાં તથા અન્ય ઉત્પાદકોના ખરીદદારી એજન્ટ તરીકે નિયુક્ત કર્યા. કારોબારનો વિસ્તાર વધતાં, ભારતનાં અગ્રગણ્ય અને પ્રમુખ કમિશન એજન્ટ તરીકે તેમણે નામના મેળવી.

ધનજીભાઈએ હૈદરાબાદ સ્થિત ધ આંધ્રપ્રદેશ ઑઈલ મીલર્સ એસોસિયેશન તથા ધ હૈદરાબાદ ઑઈલ એક્ષચેન્જ લિ. ના પ્રમુખ ઉપરાંત રાષ્ટ્રીય સ્તરે ભારતની તેલ-તેલીબિયાં વ્યાપર ઉદ્યોગની અગ્રણી એપેક્ષ સંસ્થા, ધ સેન્ટ્રલ ઑર્ગેનાઈઝેશન ફોર ઑઈલ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીસ લિ. નવી દિલ્હીના પ્રમુખ અને ચેરમેન તરીકે પણ ઉત્તમ કામગીરી બજાવી હતી.

વ્યવસાયિક અને ઔદ્યોગિક ક્ષેત્રમાં આગેકૂચ જારી રાખતા ધનજીભાઈ હૈદરાબાદની પ્રતિષ્ઠિત, ફેડરેશન ઑફ આંધ્ર પ્રદેશ ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીસ લિ. હૈદરાબાદના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટયા.

હૈદરાબાદની ભગવાન મહાવીર હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરના ટ્રસ્ટીપદે કાર્યરત રહીને નવા ઉપચાર કેન્દ્રના વિકાસમાં તેમનો મુખ્ય ફાળો હતો. વિશેષ કરીને, કિડની રોગના નિવારણ માટે ડાયાલિસિસની આધુનિક યંત્રસામગ્રીથી સુસજ્જ સારવાર કેન્દ્ર સમસ્ત આંધ્ર પ્રદેશમાં સર્વપ્રથમ સ્થાપિત કરી, મહાવીર હોસ્પિટલને ઉત્તમ શ્રેણીની હોસ્પિટલ્સની હરોળમાં મૂકી હતી.

ઉપરાંત વિકારાબાદમાં વિશાળ ભૂમિ પર, મહાવીર મેડિકલ કોલેજ તથા વિશાળ હોસ્પિટલનાં પ્રોજેક્ટ ચેરમેન તરીકે પણ તેમની જ પસંદગી કરવામાં આવી હતી.

અમેરિકાના તત્કાલીન પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટનના ભારત આગમન સમયે, મહાવીર હોસ્પિટલ, હૈદરાબાદની તેમની મુલાકાત વેળા પ્રભુશ્રી મહાવીર સ્વામીની રજત પ્રતિમાને અમેરિકાના વ્હાઈટ હાઉસમાં પ્રસ્થાપિત કરવામાં ધનજીભાઈ નિમિત્ત થયાં એ સુવિદિત છે.

ઉલ્લેખનીય છે કે, હૈદરાબાદનાં અચલગચ્છના શ્રી જનેશ્વરધામ તથા ચૈતન્યપુરીના જિનાલય અને સ્કૂલનાં નિર્માણકાર્ય, કચ્છમાં ભૂકંપમાં જર્જરીત થયેલા શ્રી ભદ્રેશ્વર-વસિહિ-તીર્થના પુનઃનિર્માણ અને મુંબઈમાં વસતા સમાજના બેહાલ પરિવારોને યોગ્ય રહેઠાણ બક્ષવાની મુંબઈ મહાજનની આવાસ યોજના ઉપરાંત શ્રી સર્વોદય ટ્રસ્ટની બિદડા-કચ્છ હોસ્પિટલ મધ્યે નૈસર્ગિક ઉપચાર કેન્દ્રના નૂતન સર્જન સહિતના અનેક સત્કાર્યોમાં ધનજીભાઈની રાહબરી હેઠળ એમના દાનપ્રિય પરિવારનું અનન્ય યોગદાન સરાહનીય, પ્રેરણારૂપ છે. માતૃસંસ્થા શ્રી કચ્છી મિત્ર મંડળના સ્થાપના દિનથી આજપર્યંતના સમયકાળમાં, ધનજીભાઈએ લગભગ ૨૭ વર્ષ સુધી પ્રમુખપદે રહીને સંસ્થાની બાગડોર સુપેરે સંભાળી હતી, યુવા પેઢીને સમાજમુખી કરવા ધનજીભાઈએ સતત પ્રયાસ કર્યા હતા.

ધનજીભાઈએ શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદના ટ્રસ્ટ મંડળના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે પણ મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

શ્રી ધનજીભાઈ સાવલા જેવા નખશીખ સમાજસેવી અને સફળ વ્યવસાયીની ચિરવિદાયથી ફક્ત કચ્છી સમાજ જ નહીં સમસ્ત ગુજરાતી પ્રજાએ એક સમાજનિષ્ઠ, કર્મનિષ્ઠ, ધર્મનિષ્ઠ વડીલને ગુમાવ્યા છે, જેમની ખોટ સદૈવ અપૂરણીય બની રહેશે.

20 Days Medicine only Rs. 499/-

**AYURVEDIC (WEIGHT-LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 499/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 499/-
- VIDEO TO DVD CONVERSION

Ph : 9395347264, 9392418463, 040-27564183 (જા.ખ.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા તથા મેડીક્લેઈમ-હેલ્થ ઈન્સુરેન્સ માટે

સંપર્ક કરો : **લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ:ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી,

સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

Pick up & Drop

**CHERIAN**

**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-108/109, H.A. Plaza Cellar, P.G. Road,

Nampally, Metro Piller No. A1264, Hyderabad.

Cell : 98495 84518, 80084 55467 (જા.ખ.)

**ગજાનંદ ઈન્ડસ્ટ્રીસ**

નિઝામબાદના નવા ચોખા આવેલ છે.

સોના મસૂરી, કોલમ, આંબા મોર, ઈટલી રાઈસ, બ્રાઉન રાઈસ, લો પોલીસ, અને હળદર, મરચું, બધા પ્રકારની દાળ મળશે.

**શ્રીજી ટ્રેડર્સ :**

૩-૩-૮૬૫, કાચીગુડા, પિલ્લર નં. ૧૪ની બાજુની ગલી, બીગ બજારની સામેની ગલી, આર્યસમાજ મંદિરની સામેની લેન, હૈદરાબાદ - ૫૦૦ ૦૨૭

સંપર્ક: 98491 74116, 9908584649 (જા.ખ.)

## NIYAPO - Revised Adervisement-Rates (Effective from 1-10-2018)

**COLOUR**

| | | Monthly Rates | | Annual Rates | |
|---|---|---|---|---|---|
| * 1) | Last Cover Page (Outside) | Rs. | 3200/- | Rs. | 35200/- |
| * 2) | Second Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| * 3) | Last Page (Inside) | Rs. | 2800/- | Rs. | 30800/- |
| 4) | Pin Page | Rs. | 2500/- | | |

**BLACK & WHITE**

| | | | | | |
|---|---|---|---|---|---|
| * 5) | Full Page | Rs. | 850/- | Rs. | 9350/- |
| 6) | Half Page | Rs. | 500/- | | |
| 7) | Quater Page | Rs. | 200/- | | |
| 8) | Strip | Rs. | 100/- | | |

Note : If any person gives advertisement for 12 months in advance, only 11 months payment will be collected. this concession is allowed in item No. 1,2,3 & 5 only marked. (*)

# વિવિધા

## ૫૦ વટાવ્યા પછી... મારામાં આવેલા બદલાવો

સંકલન : પંકજ વલ્લભજી સાવલા

વ્યક્તિનો પૈસો, પાવર અને પોઝિશન થી હવે અંજાતો નથી. વ્યક્તિના વિચાર, વાણી અને વર્તનથી ખેંચાતો થયો છું. ખુદના માટે સમય કાઢું છું. સ્વીકારી લીધું છે કે દુનિયા મારા ખભા પર ટકી નથી. મારા વગર કંઇ અટકી પડવાનું નથી. મારા પરિવાર સાથે ખુદને પણ પ્રેમ કરવા લાગ્યો છું.

નાના વેપારીઓ અને ફેરિયાઓ સાથે ભાવતાલ કરવાનું બંધ કર્યુ છે. ક્યારેક ખબર હોય કે છેતરાવ છું તો પણ હસ્તે મોઢે જતું કરૂં છું.

ભંગાર વીણવા નીકળતા લોકોને પસ્તી કે ખાલી તેલનો ડબ્બો એમજ આપી દઉં છું, પચીસ પચાસ રૂપિયા જતા કરૂં ત્યારે એના ચેહરા પર લાખો મળી ગયાનો આનંદ જોઇ ખુશ થાઉં છું.

રોડ પર પાથરણું પાથરી વેપાર કરતા વ્યક્તિ પાસેથી ક્યારેક નકામી વસ્તુ પણ ખરીદી લઉં છું. એમનો વેપાર કરવાનો ઉત્સાહ વધતો જોઇ આનંદ થાય છે.

કોઇ ધાર્મિક સ્થળે દાન આપી પોતાના નામની તક્તી લગાવવા કરતાં નાના બાળકોને જમાડવા કે મદદ કરવી અને અબોલ પશુ પક્ષીઓ માટે દાણા પાણીની વ્યવસ્થા કરવામાં વધારે ખુશી મળે છે.

વડીલો અને બાળકોની એકની એક વાત કેટલાયે વાર સાંભળી લઉં છું. કહેવાનું બંધ કરી દીધું છે કે તેઓ એ વાત ઘણી વાર કહી ચુક્યા છે.

ખ્યાલ હોય કે વ્યક્તિ ખોટો છે તો એકાદ વાર સમજાવું પણ વારંવાર એની ભૂલ સુધારવાનું બંધ કરી દીધું છે. દરેકને ખોટું ન કરતા અટકાવવાનો ઠેકો નથી લીધો. ખોટા વ્યક્તિ સાથે દલીલો કરવા કરતા માનસિક સ્વસ્થ રહેવું પસંદ છે.

સારા કામ કે વિચારોની મુક્ત પણે પ્રશંસા કરૂ છું. આ ટેવ સકારાત્મક છે. વખાણ બાદ મને પણ આનંદ મળે છે. સારા કામ કે વિચારોની મુક્ત પણે પ્રશંસા કરૂં છું. આ ટેવ સકારાત્મક છે. વખાણ્યા બાદ મને પણ આનંદ મળે છે.

બ્રાન્ડેડ કપડાં, મોબાઇલ કે બીજી કોઇ બ્રાન્ડેડ વસ્તુ થકી વ્યક્તિત્વ આંકવાનું મૂકી દીધું છે. વ્યક્તિત્વ વિચારોથી નિખરે છે બ્રાન્ડેડ વસ્તુઓથી નહી એ સમજાઇ ગયું છે.

હું એવા લોકોથી અંતર જાળવું છું જેઓ પોતાની કુટેવો મારા પર થોપવાના પ્રયત્નો કરે છે. એને સુધારવાનો પ્રયત્ન હવે નથી કરતો કારણકે ઘણાં એ કરી ચૂક્યા હોય છે.

જીંદગીની દોડમાં પાછળ રાખી દેવા જ્યારે કોઇ મેલી રાજરમત રમે છે ત્યારે હું શાંત રહી તેને રસ્તો આપી દઉં છું. આખરે, ના તો હું જિંદગીની હરીફાઇમાં છું, ના તો મારો કોઇ હરીફ છે. હરિફાઇ ખુદ સાથે ખુદને કંડારવાની છે.

લાગણીઓની અભિવ્યક્તિ કરતા ક્યારેય શરમાવું નહી એ શીખી લીધું છે. અને લાગણીઓને દાબી રાખી મારી નાખવા કરતાં અભિવ્યક્તિ સરળ છે.

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)

ફીણીયા લાડુ

નાચણી (રાગી),

ખજુર લાડુ (સુગર ફ્રી)

ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)

ઓટસ મખાના લાડુ

ગોળ પાપડી

ગોળીયા લાડુ

કોકોનેટ બિસ્કીટ

સાંગલીના ભડંગ

શીંગદાણાની ચટણી

સિકંદરના ખારી સીંગ

**સ્પેશયલ :**

સિકંદરના ચણા

અડદીયા પાક

પ્રોટીન ચિક્કી

જીંજર / અદરક લાડુ

ફુટાણા લાડુ

પ્રોટીન લાડુ

**સ્પેશીયલ ખાખરા :**

મસાલા ખાખરા, મેથી મસાલા ખાખરા, ચોરાફળી ખાખરા, સાદા ખાખરા, ઘી ખાખરા, મઠના ખાખરા, અજમા મસાલા ખાખરા

*Contact :* **PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad 500027

**PRAVIN CHHEDA 82477 89295**

(જા.ખ.)

# શ્રધ્ધાંજલી



દેહ ધારણ
૦૬-૦૮-૧૯૩૦

દેહ વિલય
૨૮-૧૧-૨૦૨૦

## શ્રી ધનજીભાઈ લખમશી સાવલા

કચ્છ - નવાવાસ દુર્ગાપુર હૈદરાબાદ - હાલે મુંબઈ
(ભૂતપૂર્વ પ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી)

## શ્રી કચ્છી મિત્ર મંડળ હૈદરાબાદ

ટ્રસ્ટ બોર્ડ, કારોબારી સમિતિ
તથા સર્વ સભ્ય પરિવાર

# श्रद्धांजलि



सुप्रसिद्ध समाजसेवी दानवीर सेठ,
आदरणीय जैन रत्न

## श्री धनजी लखमशी सावला

(सुपुत्री : स्व. श्री लखमशी घेलाभाई सावला)
फाउण्डर चेयरमेन व ट्रस्टी
श्री शान्ति सूरीश्वरजी गुरू मंदिर ट्रस्ट
स्वर्गवास : 28 नवम्बर 2020

परम गुरूभक्त जिनशासन के हितेषी, मार्गदर्शक, शब्दातीत विनम्रता मृदुल मुखाकृति, संस्कार की परिकाष्ठा, उदार ह्रदय, दानवीर सेठ, धीर गंभीर व्यक्तित्व के धनी को हमने खो दिया ।
गुरू मंदिर ट्रस्ट परिवार के मन मे आपश्री द्वारा प्रदत्त सहयोग व सेवायें सदैव अविस्मरणीय रहेंगी । वीर प्रभु व शान्ति गुरूदेव से प्रार्थना आपश्री की पवित्र आत्मा को चिर शान्ति प्रदान कर अपने चरणों में स्थान दिरावें ।

श्रद्धासुमन अर्पणकर्ता

## श्री शान्ति सूरीश्वरजी गुरू मंदिर ट्रस्ट, चैतन्यपुरी

Surendra Lunia I M. Gautamchand Gugaliya I Shantilal K. Shah I Shantilal Gugaliya I Shalibhadra Katariya I Pankaj V. Savla I Padam Kothari I Vipin Kumar Nenawal I S. Gautanchand Katariya (Ooty) I Harilal V. Shah I Prashant Srimal I Rajender Gandhi (Banglore) I Ravikumar Gadwani I Rewatmal Choradiya I Gautamchand Rathore I Ashok Sonigra I Abhay Kumar Choudhary I Mukesh Katariya I Motilal Bhalgat I Yogesh Khargandhi I Mithalal Gandhi I Poonamchand Jhabhak I Hukmichand Munoth (Bangalore) I Gautamchand Katariya I Bhikamchand Lodha I Heerachand Bhansali I Kushal Kankariya I Piyush V. Savla I Dhanpat Kumar Jain I Sureshchand Chanodiya I Vimalchand Mutha I Gautamchand Sehlot I Mahendra Katariya I Vipul H. Shah I Dineshchand Katariya (Ooty) I

(જા.ખ.)

# હૈદરાબાદના સર્વે મિત્રવર્તુળનો આભાર



દેહ ધારણ
૦૬-૦૮-૧૯૩૦

દેહ વિલય
૨૮-૧૧-૨૦૨૦

## શ્રી ધનજી લખમશી સાવલા

### કચ્છ : નવાવાસ (દુર્ગાપુર) હૈદરાબાદ - મુંબઈ

નમસ્કાર, અમારા વડીલ શ્રી ધનજીભાઈ લખમશી સાવલા તા. ૨૮ નવેમ્બર ૨૦૨૦ ના અવસાન પામ્યા. ઉમરની દ્રષ્ટિએ પરિવાર ઉપરાંત પરિચિત મિત્ર વર્ગમાં પણ જ્યેષ્ઠ હતા. ૯૦ વર્ષની વયે પણ તેમને રચનાત્માક કાર્યોમાં વિશેષ રસ રહેતો. ધન કરતાં સંબંધોને વિશેષ માન આપી નામ કમાવવામાં માનનારા શ્રી ધનજીભાઈએ હૈદરાબાદને સ્વ કર્મભૂમિ બનાવીને અનેક સંસ્થાઓમાં સેવા આપવાની સાથે સર્વે સંસ્થાઓ સાથે સંકળાયેલા મિત્રો સાથે પરિવાર તુલ્ય સંબંધો કેળવ્યાં હતાં અને હૈદરાબાદના મિત્ર સમુહ દ્વારા પણ એવીજ લાગણી મેળવી હતી.

શ્રી ધનજીભાઈની વિદાયથી અમારા પરિવાર પર આવી પડેલ દુઃખદ પળોમાં આપ સહુ પારિવાર તુલ્ય મિત્રોની દિલસોજીએ અમને સાંત્વના - સમસંવેદના બક્ષી છે. વ્યક્તિગત તેમજ ગ્રુપના ક્ષેત્રે અમારી લાગણીઓમાં વિવિધ માધ્યમો દ્વારા સંવેદના વ્યક્ત કરનાર સહુ સહૃદયી મિત્રો એવમ્ મિત્ર પરિવારજનોના હૃદયપૂર્વક આભારી છીએ.

ભવદીય : શ્રીમતી કસ્તુરબેન ધનજી લખમશી સાવલા
પુત્રી : શ્રીમતી માધવી રૂબિન છેડા
દોહિત્રીઓ : ચિ.ક્રિષા, રૂબિન છેડા, ચિ. દિવિના રૂબિન છેડા
ભાઈ : શ્રી મુલચંદ લખમશી સાવલા
ભત્રીજા : શ્રી પિયુષ વસનજી લખમશી સાવલા, ભત્રીજા : શ્રી સુનીલ રામભાઈ લખમશી સાવલા
બેન : શ્રીમતી સુશીલાબેન હરિલાલ નીસર, બનેવી : શ્રી હરિલાલ વેલજી નીસર
ભાણેજ : શ્રી વિપુલ હરિલાલ નીસર, ભાણેજ પત્ની : શ્રીમતી ડો. કાજલ વિપુલ નીસર
ભાણેજ પુત્રીઓ : ચિ. આશ્રૃતિ વિપુલ નીસર, ચિ. નીતિ વિપૂલ નીસર

(જા. ખ.)

જય શ્રી ભલારા દાદા જય શ્રી ભોમિયાજી દાદા જય શ્રી સચ્ચાઇ માતા

માતુશ્રી ચંપાબાઇ રાયચંદ અશારીઆ સાયલા પરિવાર (સુથરી)

સંચાલીત

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (પંજીકૃત)

કાચીગુડા, હૈદરાબાદ. ફોન ન.૯૨૪૬૫૩૨૫૪૫



## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા

કચ્છ ગામ મોટા લાયજા હાલ મુંબઇ

જન્મ :
૧૩-૯-૧૯૨૬

પૂણ્ય તિથિ :
૦૬-૧૨-૨૦૧૪

જૈન ધર્મના ઇતિહાસમાં કદાચ તમોજ એક પૂણ્યશાળી હશો જેમણે કાયમી સંઘપતી નો લાભ લઇ યાત્રીકોને દર મહિને યાત્રાનો લાભ આપો છો તથા તીર્થ ભૂમિની સ્પર્શના કરાવો છો.

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ

(જા.ખ.)

હુંસાતુસી માં સંબંધો તોડવા કરતાં થોડો સમય આપતા શીખી ગયો છું. મોટેભાગે સમય સાથે સંબંધોમાં પડેલી તિરાડ પૂરાઇ જતી જોઇ છે.

હું એજ કરૂ છું જેનાથી મને આનંદ આવે. લોકો શું વિચારશે કે કહેશે તેની ચિંતા લોકો ઉપર છોડી દીધી છે. ચાર લોકોને ખુશ રાખવા મારૂં મન મારવાનું છોડી દીધું છે.

ફાઇવ સ્ટાર હોટેલમાં રહેવા કરતાં પ્રકૃતિ નજીક જવું ગમે છે. જંક અને થાઇ ફૂડ કરતાં માખણ અને બાજરાના રોટલામાં સંતોષ થાય છે.

પોતાના પર હજારો રૂપિયા વાપરવા કરતાં કોઇ જરૂરિયાતમંદના હાથમાં પાંચસો હજાર આપવાનો આનંદ માણી લેતાં શીખ્યો છું.

કટ્ટરતા કરતાં તર્કસંગતતા ગમવા લાગી છે. ખોટા પાસે સાચું સાબિત કરવા કરતાં મૌન રહેવાનું પસંદ કરવા લાગ્યો છું. બોલવા કરતાં વાંચવા લાગ્યો છું. ખુદને પ્રેમ કરવા લાગ્યો.

આ લોકડાઉનમાં ઘણું શીખવા મળ્યું છે.

## EXPRESSION OF EMOTIONS

By Nimisha Vora

There's this one thing which all of us have but we just dont accept it.

When our hearts get heavy with all the things that's happening around us and we get very fragile we show and say ourselves that we want to get lost, go away from everything and just stay alone. But in reality, all we want is to be found.

Even though we may seem to not agree to it, and i might as well be wrong but somewhere that's what we want.

**We all have thoughts and emotions, dont we?**

Some feeling which we have pushed deep inside us, some which we feel all day, knocking on our hearts for acceptance of thouse emotions but we turn our heads away from it and some which we hold on to tightly. We dont have hearts made of rocks. There are such turnmoil of thoughts happening. It's like there's a heavy weight in us wanting to be lifted away but we never want to or haven't found a right way to do it.

**Making it simple :** we have locked up so many feelings inside us that we don't know or dont want to let them out.

I'm not gonna make this long. Instead, I'll just tell you one thing.

Let it out.

Let go of that from depth of your heart and bring it out. No matter what it is.

**It may be gratitude.** Towards the smallest of things or the biggest of acts. Towards a stranger or someone who has been there for you all the time. Tell them how thankful you are.

**It may be acceptance.** How you wish someone was something for you or maybe what they are for you or how you feel about them. Good or bad, love or hate, hope or fear doesnt matter. Better to tell them, than let assumptions become a ground.

શ્રી સચ્ચામાતાય નમઃ શ્રી ગણેશાય નમઃ શ્રી સગતમાતાય નમઃ

# નાનાણા પરિવારનું ગૌરવ

## કેળવણી ક્ષેત્રે યશસ્વીતાનું હાર્દિક અભિનંદન

માતુશ્રી અમૃતબેન દામજી આણંદજી રાંભિયાનો દોહિત્રો

ગામ - ગુંદાલા / બોરીવલી

## પ્રજ્ઞા કેનીયાનો લાડકવાયો ચિ. મોહિત કેનીયા

(મુન્દ્રા) હૈદ્રાબાદ/મુંબઈ



- B.Tech MECHATRONICS from : NMIMS Univercity GPA 3-9 / 4.00
- His team bagged 5th Position in AUVSI - Student unmanned Aerial System, USA, 2018 & 2019
- His team bagged 4th Position in Aero India drone olympics 2019 Bengaluru

Success is measured by hardwork, Congratulation on your graduation & wish you a successful life ahead

(જા.પ.)

અંતરના વધામણા અભિનંદન

માતુશ્રી અમૃતબેન ભવાનજી આણંદજી રાંભિયા–ગુંદાલા/દાદર

| માસા–માસી | મામા–મામી |
| --- | --- |
| ઉર્મીલા (ભાનુમતી) લક્ષ્મીચંદ ગાલા–છસરા/દાદર | ગીતા જીજ્ઞેશ દામજી રાંભિયા–પાર્લા |
| આશા અરવીંદ ગાલા– છસરા/સાંતાક્રુઝ | દિપ્તી પ્રજ્ઞેશ દામજી રાંભિયા–બોરીવલી |

ભાઈ–બહેન : ચિરાગ-અંકિત-વિયાન, ફાલ્ગુની, કિંમલ USA, દિયા

સર્વે પરિવારના સ્નેહ આશીષ

| Pragna | Jignesh | Pragnesh | Asha |
| --- | --- | --- | --- |
| 9247304982 | 9833664136 | 9820086314 | 9702439897 |

**It may be love.** This defines itself. Dont run away from it or take it for granted. Love, in every subjective way here. Better admitting it and sharing it than taking it for something else.

May be fear or insecurities. May be doubt or hope. A wish or a dream. Or anything else. Something deeper or even something small.

It may as well be many other things. This was just to name a few. More than me telling you what it may be you know it pretty well what it is.

For how long would you want it to stay inside you?

And i am not giving you an assurance that it'll always lead to the best of results. There are different circumstances and different ways to react to it.

You do you. What you feel is right.

If not anything else, atleast let it out to someone. What you feel, why you feel that way. The confusion, the lows in your life, the lost time, the spacing out.

Tell anyone, someone. Tell me.

Just dont get choked by your own emotions.

Its okay to feel the way you are feeling. Just share it rather than getting it overthought.

This is a story of all of us. That one time when our hearts make a fuss, we let it get weighed by emotions. And our unspoken self, in the mind create a commotion. We all have thoughts and feelings, dont we? But how often do we let them out free? We let ourselves get overburdended by overthought feelings. Just let it out, even if the emotion for you doesnt find a meaning. Someone is here for you.

Love, Just Another Sparkle

**For Bulk SMS, Multi Colour Stickers for Marriage LOGO Designing, Broucher & Souvenir Printing**
**CHANDRAPRABHA GRAPHICS**
**Paras Ramesh Jagirdar - 99499 81999, 40258999** (જા.ખ.)

**For Obituary, Prarthana Sabha, Notice, Birthday, Marriage Greetings, Religious, Commercial Advertisements in Daily Hindi Milap, Swatantra Varta, Deccan Chronicle, Eenadu & Other News Papers, Multi Colour Stickers for Marriage, LOGO Designing, Broucher & Souvenir Printing, Computerised Kundli, Match Making,**
**Contact: ATLAS ADVERTISING & DESIGNING**
**Ridesh Ramesh Jagirdar - 40258999, 98499 88999**
**email : atlas.jagirdar@gmail.com, chandraprabhagraphics@gmail.com** (જા.ખ.)

।। શ્રી સીરીયલ માતાજીને નમઃ ।।

# સાવલા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ,

સવિનય જણાવવાનું કે સાવલા નુખના શ્રી સીરીયલ માતાજીને નમતા ભાવિકોની સમૂહ પહેડી તા. ૦૭-૨-૨૦૨૧ને રવિવાર ના સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે નુખના સર્વે ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવાનું ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

| | |
|---|---|
| માતાજીનું સામૈયુ તથા સ્થાપના | ૧૦.૩૦ કલાકે |
| માતાજીના ભજન ગીતની રમઝટ તથા રાસગરબા | ૧૧.૦૦ કલાકથી |
| માતાજીને પ્રસાદ-થાળ જુવારવાનું | ૧૧.૩૦ કલાકે |
| માતાજીની આરતી | ૧૨.૦૦ કલાકે |
| અન્ય માહિતી | ૧૨.૩૦ કલાકે |
| માતાજીની પ્રસાદી (પ્રિતી ભોજ) | ૧.૦૦ કલાકે |

**પ્રસાદી એવમ્ પહેડીના લાભાર્થી : શ્રી હરિલાલ ભીમશી સાવલા સમસ્ત પરિવાર**, સમાઘોઘા, હાલે હૈદરાબાદ

નોંધ : સાવલા પરિવાર તથા નિયાણી બહેનો જે હૈદ્રાબાદમાં નવા આવેલ છે. તેમણે પોતાના નામ નોંધાવવા. પંકજ વલ્લભજી સાવલા-૯૩૯૪૫ ૫૩૧૫૪ ને સંપર્ક કરવા વિનંતી.

## લી. સાવલા ભાવિક સંઘ - હૈદરાબાદ

| | | |
|---|---|---|
| પંકજ વલ્લભજી સાવલા | વલ્લભજી મેઘજી સાવલા | પંકજ હીરજી સાવલા |
| ૯૩૯૪૫ ૫૩૧૫૪ | ૬૬૬૨ ૧૦૯૨ | ૯૮૪૯૭ ૪૭૬૨૫ |

**શ્રીફળ લઈ આવવાની પ્રથા બંધ છે.**

(જા. ખ.)

**ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્ર પહેરીને આવવું નહિં**

।। જય શ્રી દાદલ માં ।।

# ગોસર ભાવિક મંડળ – હૈદરાબાદ

હૈદરાબાદ – સિકન્દરાબાદ સ્થિત ગોસર – ગોસરાણી નુખના શ્રી દાદલ માં ના ભાવિકોની તૃત્તિય સામૂહિક પહેડીનું આયોજન રવિવાર તા. ૩૧-૧-૨૦૨૧ના કરવામાં આવશે.

સામૂહિક પડેહીના આયોજનમાં હૈદરાબાદ – સિકન્દરાબાદ ઉપરાંત વિજયવાડા, વરંગલ, ગુલબર્ગા, બાગલકોટ, સોલાપુર,ડિગ્રસ, માલેગામ, અકોલા, અમરાવતી, નાસિક, દેવલાલી, સાંગલી, ગદગ તથા તેલંગાના–આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક રાજ્યોમાં વસતા સર્વે ગોસર – ગોસરાણી ભાવિકોને સહકુટુંબ તેમજ ઉપરોક્ત સર્વે શહેરો સ્થિત ગોસર નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

મોટા રતડીયા – કચ્છ સ્થિત શ્રી દાદલમાં સ્થાન ના મુખ્ય સંચાલકો શ્રી ખુશાલભાઈ ગોસર, શ્રી હીરજીભાઈ ગોસર, શ્રી વસંતભાઈ ગોસર તથા શ્રી હરીશભાઈ ગોસર ને આ કાર્યક્રમ માટે વિશેષ મહેમાનો રૂપે આમંત્રણ આપવામાં આવેલ છે જેઓ આ કાર્યક્રમ માં પ્રાણ પૂરશે.

**શુભ દિવસ : રવિવાર તા. ૩૧-૧-૨૦૨૧ સવારના ૯.૩૦ વાગ્યાથી**

**શુભ સ્થળ : શ્રી કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**સંગીત સથવારો : સારેગામાપા ગ્રુપ - શ્રી યોગેશભાઈ ગોસર ટીમ**

ખાસ નોંધ : વર્તમાન મહામારીને અનુલક્ષીને તમામ સરકારી આદેશોનું પાલન કરવું અનિવાર્ય છે, ખાસ કરીને ''બે ગજની દુરી અને માસ્ક જરૂરી'' રહેશે. કાળા રંગના વસ્ત્રોનું પરિધાન વર્જિત છે.

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ ............ સવારના ૧૦.૦૦ વાગે
માતાજીની સ્થાપના ............ સવારના ૧૦.૩૦ વાગે
ભજન-ગીત-રાસ ગરબા ............ સવારના ૧૧.૦૦ વાગે
મહા આરતી ............ બપોરના ૧૨.૩૯ વાગે
પ્રસાદી (પ્રીતિ ભોજન) ............ બપોરના ૧.૦૦ વાગે

આ વર્ષની સંપૂર્ણ પહેડીના આયોજનના લાભાર્થી

## માતુશ્રી હાંસબાઇ રતનશી તેજશી ગોસર પરિવાર

ગામ : હાલાપુર - કચ્છ (માલેગામ વાળા) હાલે હૈદરાબાદ

લિ. આયોજક સમિતિ

સુરેશચંદ હીરજી ગોસર ૯૩૯૧૦ ૦૭૩૯૧
દિનેશ કલ્યાણજી ગોસર ૯૮૪૮૦ ૯૯૦૧૧
નાનજી રતનશી ગોસર ૯૨૪૬૩ ૬૮૩૬૮
નરેન નરશી ગોસર ૯૩૯૧૦ ૩૨૮૭૪
મુકેશ ખીમજી ગોસર ૯૯૪૯૮ ૭૨૪૩૮

(જા. પ્ર.)

# ભાવાંજલિ







જન્મ
તા. ૦૬-૦૬-૧૯૪૮

અરિહંત શરણ
તા. ૨૧-૧૧-૨૦૨૦

## શ્રી માવજી નેણશી ગાલા

દેશમાં ગામ : ઉનડોઠ મોટી- કચ્છ, હાલે : હૈદરાબાદ

કેમે કરી અને ચૂકવી શકીએ ના, તમારી વાત્સલ્યતાના મોલ,
તમારે ચરણે ધરીએ શ્રદ્ધાંજલિના ફૂલ...
કેમ સહેવાશે આ વજ્રઘાત...
પંખીની જેમ તમે ઉડી ગયા, સુનો આપણો કુટુંબમેળો થઈ ગયો
તમે તો ગયા ખાલી હાથે, પણ કાળ અમારૂં સર્વસ્વ લઈ ગયો.
હૈયે હતી વાત્સલ્યની ધારા પરિવારના તમે હતા આધાર,
ભુલ્યા ના ભુલાશે આપ તણા ઉપકાર, સ્વીકારજો અમારી ઉર્મિઓના ઉપહાર,
દિવંગત આત્મા મોક્ષગામી હોજો એજ પ્રભુને પ્રાર્થના...

**શોકાતુર**

**મેઘબાઈ નેણશી જેવત ગાલા - ઉનડોઠ મોટી (માતા-પિતા)**
**ભાણબાઈ રતનશી વીરજી ગડા - રાયધણજર (સાસુ-સસરા)**
**હેમલતા માવજી ગાલા (ધર્મપત્ની)**
**વિનય માવજી ગાલા (સુપુત્ર)**
**કૌશિક માવજી ગાલા (સુપુત્ર)**

નિવાસ : વેજીટેબલ મારકેટ, નલ્લાકુંટા, હૈદરાબાદ ૫૦૦૦૪૪. મોબાઈલ ૯૩૯૪૫ ૩૪૦૯૯

(હ.પ્ર.)

# ભાવાંજલિ







ઉમર વર્ષ
૫૩

અરિહંત શરણ
તા. ૨૭-૧૨-૨૦૨૦

## ધર્મેશ રમણીક મામણીયા

**કચ્છ બિદડા હાલે હૈદરાબાદ**

અમારો ભાણેજ ધર્મેશ અચાનક હાર્ટ એટેક થી અરિહંત શરણ થયેલ છે, અચાનક આવી પડેલ વિપત્તિમાં એમના માતુશ્રી પાનબાઇ તથા ધર્મપત્ની સ્મિતા, પુત્રી-ખુશ્બુ, પુત્ર- દેવાંગને હિમ્મત રાખવા પ્રભુ શક્તિ આપે અને દિવંગત આત્માને જે પણ યોનીમાં ગયો હોય ત્યાંથી શીઘ્રતા શીઘ્ર પોતાના આત્માને પામી મોક્ષ ગતિએ પહુંચે એવી પ્રભુ પાસે પ્રાર્થના

લી. **માતુશ્રી પાનબાઇ રમણીક મામણીયા**

ધર્મપત્ની : સ્મિતા ધર્મેશ મામણીયા, પુત્રી :ખુશ્બુ, પુત્ર-દેવાંગ
મામી - મામા : શ્રીમતી મણીબેન સ્વ. રતનશી ગોગરી,
સ્વ. નયના - સ્વ. જેઠાલાલ ગોગરી, શ્રીમતી સુશીલા શાંતીલાલ ગોગરી
શ્રીમતી કોકીલા જીતેન્દ્ર ગોગરી, તથા સમસ્ત મામણીયા અને ગોગરી પરિવાર
સંપર્ક : પાનબાઇ ફોન ૮૪૫૦૯૨૮૧૯૮, સ્મિતા ૯૬૪૦૫૩૩૯૪૩

આભાર : શ્રી કચ્છી મિત્ર મંડળ નાં માનવ મિત્ર સમિતિના સદસ્યો તથા ખાસકરીને પંકજભાઇ વલ્લભજી સાવલા અને વિલેષભાઇનો સેવા આપવા બદલ ખુબ ખુબ આભાર

|| શ્રી અંબે માતાજી ને નમઃ શ્રી અશરા માતાજી ને નમઃ શ્રી ચામુંડા માતાજી ને નમઃ ||

# નાગડા ભાવિક મંડળ





સવિનય જણાવવાનું કે નાગડા નુખના અંબા માતાજી, આસરા માતાજી અને ચામુંડા માતાજી ને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૨૪-૦૧-૨૦૨૧ રવિવાર સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે નાગડા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનો ને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ......................૯.૦૦ કલાકે
માતાજીની સ્થાપના...................૯.૩૦ કલાકે
માતાજીને પ્રસાદ જુવારવાનું........૧૦.૩૦ કલાકે
માતાજીની આરતી..................૧૦.૪૫ કલાકે
માતાજીની પ્રસાદી...................૧૧.૦૦ કલાકે

## પહેડી ના લાભાર્થી

**શ્રીમતી મણીબેન ઉમરસી નાગડા પરિવાર (નરેડી)**

**નોધ:** આજના સંજોગો ના કારણે પ્રિતી ભોજન રાખવામાં આવેલ નથી.
આપણા સેફટી માટે માસ્ક જરૂર થી પહેરવા. કાળા વસ્ત્ર અને કાળા માસ્ક નાહી પહેરવા.

રમણિક લીલાધર નાગડા
૯૨૪૬૩૬૧૪૭૦

હરખચંદ નાનજી નાગડા
૯૨૪૬૮૨૫૫૩૧

ભારતી ચંદ્રકાન્ત નાગડા
૯૨૪૬૫૨૫૫૨૭૮

પ્રદીપ ગાંગજી નાગડા
૯૭૦૦૪૪૪૪૯૯

રાયચંદ વી નાગડા - ૯૮૬૬૧૦૭૯૫૯

પ્રદીપ નાગડા

(જા. ખ.)



# One stop services
for all your needs

## FINANCIAL INVESTMENTS
## INSURANCE
## SAVINGS & TAX PLANNING

### SERVICES OFFERED

- General Insurance - New India Assurance & Star Health
- Life Insurance - HDFC Life & LIC
- Postal Savings - RD / MIS / NSC / KVP / TD
- Pure Risk Plan
- Cancer Care Plan
- Retirement Plan
- Mutual Funds
- Fixed Interest Instruments

Assuring of Services at your Doorstep

For all your requirements Contact : Financial Consultants

Madhusudan Modani : 98491 60807

Lalitha Modani : 92461 50501

1-8-337/1, Block 1, Flat No. 401, Fore Front's Royal,
Indian Airlines Colony, Begumpet, Hyderabad - 500 016.
Phone - Res : 040 2790 2297. e-mail : msmodani@gmail.com




If undelivered please return to

**SHRI KUTCHHI MITRA MANDAL**
Kutchhi Bhavan,
3-5-142, Eden Bagh, Ramkote,
Hyderabad 500 001. A.P.
Phone : 2475 2383, 6594 2383

Printed Matter only. Posted u/c 5A of P&T guide. Hence not to be taxed
BOOK - POST

Printed & Published by **SHRI KUTCHHI MITRA MANDAL,** 3-5-142, Eden Bagh, Ramkote, Hyd-1 Edited by : **Darshana Dedhia**
Printed at **Chandraprabha Graphics,** Shop No. 37, Royal Plaza Complex, Sultan Bazar, Hyderabad. Ph : 66780780, 9849988999, chandraprabhagraphics@gmail.com